વંચાણે લીધું : નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં. ૫૩૪ /૨૦૨૦, તા.૧૬/૦૩/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ હુકમ.

## કચેરી આદેશ નં. ૨૬ સને ૨૦૨૨

અત્રે આમુખમાં દર્શાવેલ નામદાર સર્વોચ્ચ અદાલતે પસાર કરેલ આદેશ અન્વયે મોટર અકસ્માત વળતર અરજી અને પસાર થયેલ એવોર્ડ અન્વયેની વળતર રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓમાં દર્શાવવાની થતી વિગતો અંગે આ કચેરી આદેશથી હુકમ કરવામાં આવે છે કે, જીલ્લા ન્યાયાલય, તાપી મું. વ્યારા તેમજ અધિક જીલ્લા ન્યાયાલય, તાપી મું.વ્યારા ખાતે દાખલ થતી તમામ પ્રકાર ની મોટર અકસ્માત વળતર અરજીઓ તેમજ પસાર કરવામાં આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતર અરજીઓમાં તારીખ:-૦૨/૦૨/૨૦૨૨ ના રોજથી ફરજીયાતપણે નીચે દર્શાવ્યા મુજબની વિગતો દર્શાવવાની રહેશે તેમજ સંલગ્ન દસ્તાવેજી આધારોની સ્વપ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

(૧) દરેક અરજદારોના નામ અને સરનામાની વિગત સાથે દરેક અરજદારના બેંક ખાતાની વિગત જેવી કે બેંકનુ નામ, બેંકની શાખાનું નામ, ખાતા નંબર અને બેંકનો IFSC Code નંબર અવશ્યપણે દર્શાવવા.

(૨) દરેક અરજી સાથે દર્શાવેલ બેંક ખાતાની વિગતો અન્વયે બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ કે જેમાં અરજદારનો ફોટો લગાવવામાં આવેલ હોય અને તે બેંક દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય તે ફરજીયાત પણે રજુ કરવી.

(૩) જો અરજદાર સગીર વયના હોય તો તેઓના બેંક ખાતાનો નંબર તેમના વાલીના અગર તો ગાર્ડીયનના નામ સહિતની વિગતો અવશ્યપણે રજુ કરવી.

(૪) દરેક અરજદારના પાનકાર્ડની વિગત અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવી પાનકાર્ડની સ્વપ્રમાણિત નકલ રજુ કરવી.

(૫) દરેક અરજદારના આધારકાર્ડની વિગત અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવી આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ રજુ કરવી.

(૬) જો અરજદાર કે અરજદારો પાનકાર્ડ કે આધાર કાર્ડ ધરાવતા ન હોય તો તેઓએ તે મેળવવા માટેની કાર્યવાહી/ પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે તે મતલબની અલગથી પુરસીસ રજુ કરવાની રહેશે.

(૭) દરેક મોટર અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માતવાળો બનાવ બન્યો હોય તે પોલીસ સ્ટેશનનું નામ, તાલુકા, જીલ્લા સહિત તથા એફ.આઈ.આર નો નંબર અને તારીખ સ્પષ્ટપણે દર્શાવવી.

(૮) દરેક અરજી દાખલ કરતી વખતે ઉપરોકત આવશ્યક માહિતીઓ ઉપરાંત મોટર વ્હીકલ રૂલ્સના નિયમ નંબર ૨૧૧ મુજબની આવશ્યક, જરૂરી અને ફરજીયાતપણે રજુ કરવાની થતી માહિતી અને દસ્તાવેજી આધારો પણ રજુ કરવાના રહેશે.

ઉપરોકત તમામ વિગતો, માહિતીઓ અને દસ્તાવેજી આધારો નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ માર્ગદર્શન અને ડાયરેકશન અન્વયે નવીન દાખલ કરવામાં આવતી અરજીઓમાં રજુ કરવાની રહેશે વધુમાં તમામ ટ્રીબ્યુનલ સમક્ષ પેન્ડિંગ રહેલ અરજીઓમાં તથા ટ્રિબ્યુનલમાં ન્યાયિક નિર્ણય માટે મુલતવી રહેલ હોય તે તમામ વળતર અરજીઓમાં ચુકાદો જાહેર થતા અગાઉ ઉપરોકત વિગતો દર્શાવતું પત્રક વિનાવિલંબે રજુ કરવાનું રહેશે.

સદર કચેરી આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

*જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા*

*તા. ૦૧/૦૨/૨૦૨૨*

*સહી/-*
*(એસ. વી. વ્યાસ)*
*મુખ્ય જિલ્લા ન્યાયાધીશ*
*તાપી મુ. વ્યારા*

**<u>જા.નં.વહીવટી.૧૦.સી./૯૫/૨૦૨૨</u>**

**<u>નકલ સવિનય રવાના–</u>**

૧. મહે. એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રી, તાપી મુ. વ્યારા.
૨. જીલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાની તમામ બ્રાંચ.
૩. કોમ્પ્યુટર શાખા, જીલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા તરફ જીલ્લા ન્યાયાલય ની વેબ–સાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
૪. ડી.જી.પી.શ્રી, તાપી– વ્યારા તથા એ.પી.પી.શ્રી વ્યારા/વાલોડ/ડોલવણ/સોનગઢ/ઉચ્છલ/નિઝર.
૫. પ્રમુખશ્રી,બાર એસોસીયેશન, વ્યારા/વાલોડ/ડોલવણ/સોનગઢ/ઉચ્છલ/નિઝર.
૬. તમામ ઇન્સ્યુરન્સ કંપનીઓ તરફ .(લીસ્ટ મુજબ, ઇ–મેઇલ મારફત)

તરફ જાણ તથા જરુરી કાર્યવાહી થવા સારુ...........

***હુકમથી***

***(વી.એમ.ગામીત)***
***ઇ.ચા. રજીસ્ટ્રાર,***
***જીલ્લા ન્યાયાલય, તાપી મુ.વ્યારા.***